દવા-દારૂ કરાવવાના બહાને સરગાસણના યુવાન સાથે રૂ. ૮.૩૫ લાખની છેતરપીંડી

પતિ અને પુત્ર બિમાર હોવાનો કોલ મુંબઈથી કરીને યુવતીએ ખોટા મેડીકલ રીપોર્ટસ મોકલી રૂપિયા ખંખેર્યા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરના સરગાસણ ખાતે રહેતા એક યુવાનને મુંબઈથી એક યુવતીનો કોલ આવ્યો અને વિશ્વાસમાં લઈને પુત્ર અને પતિ બિમાર હોવાથી દવા-દારૂ કરાવવા રૂપિયા માંગ્યા હતા. મેડીકલ રીપોર્ટસ મોકલીને સરગાસણના યુવાન પાસેથી દોઢ મહિનામાં રૂ. ૮.૩૫ લાખ ખંખેરી લીધા અને ત્યાર બાદ છેતરપીંડી થઈ ગઈ હોવાનું યુવાનને ધ્યાને આવતા ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે.

સરગાસણની સિદ્ધિ વિનાયક સોસાયટીમાં રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતાં તેજસભાઈ અરવિંદભાઈ સંઘવીને મુંબઈ બહેરામપુરા વિસ્તારમાંથી શ્રૃતિ શાહનો ફોન આવ્યો હતો. ૭ ઓગસ્ટથી ૨૬ સપ્ટેમ્બર સુધીના દોઢ મહિનાના સમયગાળામાં શ્રૃતી શાહ અને હિતેશ ચોરસીયા નામની બે વ્યક્તિઓએ ફોન પર તેજસભાઈને વિશ્વાસમાં લઈ શ્રૃતિના પતિ વિપુલ શાહ અને પુત્ર ઉત્પલ શાહ બિમાર હોવાથી રૂપિયાની જરૂર દવા માટે છે. તેમ પણ તબક્કાવાર રૂ. ૮.૩૫ લાખ ઉગરાવી લીધા હતા. આ પ્રકારનું કાંઈ ન હોવાનું ધ્યાને આવતા તેજસભાઈએ ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં છેતરપીંડી અને વિશ્વાસઘાત અંગેની ફરીયાદ નોંધાવતા તપાસ શરૂ કરવામાં આવી છે.

શક્તિ, ભક્તિ અને આરાધનાના પર્વ નવલા નોરતાનો પ્રારંભ થતા પ્રાંતિજ પંથકમાં ગામે-ગામ ચાચર ચોકમાં શક્તિ અને ભક્તિનો માહોલ જામ્યો છે. આરાધકો, ભક્તો ઉપરાંત મંત્ર તંત્ર સાધવા વાળા પણ શક્તિની ઉપાસના કરવા માંડ્યા છે. ઘટ સ્થાપન બાદ પૂજા અર્ચનાના વિશિષ્ટ કાર્યક્રમો, રાસ-ગરબાના થનગનાટ અને રોશનીની ઝાકમઝાળ વચ્ચે ગામઠી ભાષામાં ગરબાની રમઝટ જામવા માંડી છે. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

ગાંધીનગરના ગરબાઓમાં માનવ મહેરામણ

સે-૨૨માં દરેક વર્ગના લોકો ઉમટી પડયા : મેળો ભરાયો હોય તેવું દૃશ્ય : સે-૨૪માં ગરબાની રમઝટ જામી : સે-૪માં ઓરકેસ્ટ્રાના સથવારે ખેલૈયાઓ મન મૂકીને ઝુમ્યા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરમાં નવલી નવરાત્રીમાં નાના બાળકોથી માંડી મોટા વડીલો સુધી દરેક વ્યકિત મન મુકીને ગરબે ઘુમી રહ્યાં છે. વિવિધ સેકટરોમાં પરંપરાગત ગરબાના આયોજનો કરવામાં આવ્યા છે અને યુવા હૈયાંથી માંડીને ભૂલકાંઓ તેમજ વડીલો પણ આદ્ય શકિત મા જગદંબાની આરાધનામાં લીન થઈને ગરબા રમવા લાગી ગયાં છે. ગાંધીનગરના સેકટર-૨૨ ખાતે પંચદેવ મંદિરની પાછળ આવેલા મેદાનમાં વર્ષોથી પરંપરાગત રીતે નવરાત્રી આયોજન કરાય છે. આ વર્ષે પણ આ આયોજનમાં ગરબા પ્રેમીઓ તન મનથી ગરબા રમી ઉત્સવને માણી રહ્યાં છે.

સેકટર-૨૨માં સાર્વજનિક ગરબા મહોત્સવનું આયોજન મુખ્ય શોપીંગ સેન્ટરના વેપારી એસોસિએશન દ્વારા કરવામાં આવે છે. આ આયોજનમાં વિશાળ મેદાનમાં મધ્યમા મા અંબાનું સુંદર રીતે સ્થાપન કરવામાં આવ્યું છે. અહીં ગરબા રમવા માટે બેરીકેડસ લગાવી ખાસ લેન તૈયાર કરવામાં આવી છે જેના કારણે ગરબે ઘુમતા ખેલૈયાઓ નિશ્ચિંત બનીને અડચણ વગર ગરબા રમી શકે છે. ગરબા જોવા માટે અહીં મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી રહ્યો છે અને બેરીકેડસની બહારની બાજુએ ઉભા રહી ગરબા જોઈ શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. જે માઈ ભકતોને મધ્યમાં આવેલ માતાજીની માંડવીના દર્શન કરવા જવું હોય તો તેને માટે એક ખાસ પ્રકારનો બ્રીજ બનાવવામાં આવેલો છે જે ખેલૈયાઓને અડચણ પહોંચાડયા વગર ગરબા જોવા આવતા લોકોને આવવા જવાની સુવિધા પુરી પાડે છે. સે-૨૨ના આ ગરબા સાર્વજનિક હોવાથી અહીં ગરીબ-મધ્યમ અને તવંગર એમ તમામ વર્ગના લોકો ગરબા રમવા કે જોવા આવે છે. ખાસ કરીને ગરીબ અને મધ્યમ વર્ગ માટે આ ગરબાને ખૂબ જ ઉત્સાહપૂર્વક આવકાર મળી રહ્યો છે અને આ વિસ્તારમાં રાત્રે જાણે કોઈ મોટો મેળો ભરાયો હોય તેવી પરિસ્થિતિ સર્જાય છે. આયોજકો અને સ્વયં સેવકો દ્વારા કોઈ પણ પ્રકારની અવ્યવસ્થા ન સર્જાય તેનું સતત ધ્યાન રાખવામાં આવે છે અને સરકારના જાહેરનામા મુજબ અહીં સુરક્ષાના કારણોસર સીસીટીવી કેમેરા પણ લગાડવામાં આવ્યા છે. આ નવરાત્રી મહોત્સવમાં ખૂબ જ આકર્ષક લાઈટીંગ કરવામાં આવી છે જેના કારણે ખેલૈયાઓ ઝબૂકતી અને ઝળહળતી લાઈટોમાં મન મુકીને ગરબે ઘુમી રહ્યાં છે.

સેકટર-૨૪માં પણ નવરાત્રી મહોત્સવનું પારંપરિક રીતે આયોજન કરવામાં આવ્યું છે. અહીં યૌવન ધન હિલોળે ચઢીને ગરબામાં મસ્ત બની ઝુમી રહ્યાં છે. અહીં પારંપરિક ગરબાઓ સાથે નવી પેઢીના ગરબા પણ વગાડવામાં-ગાવામાં આવે છે આ સાથે બે તાલી, ત્રણ ચાલી, સનેડો, રાસ અને ભાઈ-ભાઈ જેવા અત્યારના લોકપ્રિય ગરબા પ્રકારનો વારાફરતી ઉપયોગ કરવામાં આવે છે. સે-૨૪માં નવરાત્રી મહોત્સવમાં મોટી માનવ મેદની જોવા મળી રહી છે. અહીં બાલિકાઓ ચણિયા-ચોળી વગેરેમાં સજ્જ થઈ ગરબે ઘુમે છે. આ ગરબા મહોત્સવમાં આરતીમાં પણ અનેક લોકો ખાસ કરીને વડીલો ઉત્સાહથી ભાગ લઈને મા શકિતની ઉપાસના કરી રહ્યાં છે અહીંના ગરબામાં આસપાસના સેકટરોમાંથી પણ ગરબા પ્રેમીઓ ગરબા રમવા આવી રહ્યાં છે. આ ઉપરાંત સે-૨૬, સે-૨૯ અને સે-૧૭ વગેરે જગ્યાએ પણ પરંપરાગત ગરબામાં લોકો મન મુકીને ગરબા રમ્યાં હતાં.

સે-૪ના ઓમકારેશ્વર મહાદેવના પટાંગણમાં આયોજિત નવરાત્રી મહોત્સવમાં સુંદર ઓરકેસ્ટ્રાની સુરમ્ય સંગીતના સથવારે ૫ વર્ષથી લઈને ૫૫ વર્ષના અબાલવૃધ્ધ સૌ કોઈ ગરબાના તાલે ઘુમતા જોવા મળે છે. ગઈ કાલે સે-૪ના આ નવરાત્રી મહોત્સવમાં ભારે ભીડ જોવા મળી હતી અને ખેલૈયાઓએ ખૂબ ઉત્સાહ અને ભકિતભાવ પૂર્વક ગરબા રમ્યા હતાં.

(તસવીર : કમલેશ શાહ)

સે-૨૨નાં સાર્વજનિક ગરબા મહોત્સવમાં સેફટી કેમેરા લગાડાયા

સરકારના જાહેરનામા મુજબ સે-૨૨ના ગરબા મહોત્સવમાં સુરક્ષાને લઈને ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. અહીં અનેક સીસીટીવી સેફટી કેમેરા દ્વારા દરેક વ્યકિત પર ચાંપતી નજર રાખવામાં આવે છે. વળી, બેરીકેડસ દ્વારા ખેલૈયાઓ અને ગરબા જોવા આવનાર પ્રેક્ષકો વચ્ચે અંતર રાખવામાં આવી રહ્યું છે. જેથી કોઈ અનિચ્છનીય બનાવ બને નહીં આ મહોત્સવમાં સ્વયંસેવકો દ્વારા પણ સુરક્ષા બાબતે ખાસ કાળજી લેવામાં આવી રહી છે.

ટાઈમ લાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાઈટ્સ માં રસ નથી. ગુજરાતના ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલ અને ઉર્જા પ્રધાન સૌરભ પટેલ સોશ્યલ સાઈટ્સમાં પાવરફુલ છે પણ સરકારના બીજા પ્રધાનો પાસે સોશ્યલ મિત્રો માટે સમય નથી. ફેસબુકમાં મોટી સાથેનો ફોટા અપડેટ કરે છે પણ વિભાગોની માહિતી શૂન્ય !!.. આ છે આપણું ડિઝિટલ ભારત...

ગુજરાતમાં રજનીકાન્ત નથી

દક્ષિણના રાજયોની ફિલ્મો હિન્દી ફિલ્મો જેવો આવકાર પામે છે. આ રાજયોમાં મનોરંજન પ્રેમીઓ હિન્દી ફિલ્મો ઓછી પણ સાઉથ ઈન્ડિયન ફિલ્મો વધુ પસંદ કરે છે. હવે દક્ષિણની ફિલ્મોનું હિન્દીમાં ડબીગ શરૂ થઈ ચૂક્યું છે ત્યારે આપણને થાય કે કાશ, ગુજરાતમાં રજનીકાન્ત જેવો હિરો હોત તો આજે ગુજરાતી ફિલ્મોનું ડબીગ શરૂ થઈ ચૂક્યું હોત.. ગુજરાતે બોલીવુડને ઘણાં કલાકારોની ભેટ આપી છે છતાં ગુજરાતી સુપરહીટ ફિલ્મો ઉપરથી હિન્દી ફિલ્મો કેમ બનતી નથી. આપણી પાસે ઉપેન્દ્ર ત્રિવેદીની જૂની હિટ ફિલ્મોનો ખજાનો છે છતાં કોઈ નિર્માતા હિન્દીમાં ડબ કરવાના પ્રયાસ કરતા નથી. આપણી કમજોરી એ છે કે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝની આજે બુરી દશા ચાલી રહી છે. હિરોઈનો છે પણ હિરો નથી...

છત્રી સારી છે પણ વરસાદ ક્યાં છે

તમે ચોમાસામાં વર્લ્ડ બેસ્ટ છત્રી લાવો પણ વરસાદ ન પડે તો તેનો કોઈ ઉપયોગ નથી. આપણા બસસ્ટેન્ડની હાલત પણ એવી છે. બસસ્ટેન્ડ મજબૂત અને આકર્ષક છે પણ બસ આકર્ષક નથી તેનું શું... વડોદરાનું નવું બસસ્ટેન્ડ એરપોર્ટ જેવો લૂક ધરાવે છે. સરકારે ખૂબ ખર્ચ કર્યો અને દેશભરમાં તેના ફોટા ફેલાયા પણ ખાટલે મોટી ખોડની જેમ આ બસસ્ટેન્ડમાં જે બસ પાર્ક થાય છે તે વારંવાર બ્રેકડાઉન થાય છે. કિલોમીટર પૂરા થઈ ગયેલી બસો માર્ગો ઉપર દોડે છે અને મુસાફરો પરેશાન થાય છે. ગુજરાત એસટી નિગમ થિગડાં મારીને ચલાવે છે. બસનું એન્જીન આવરદા ગુમાવેલું હશે તો ચાલશે પણ બસને સારો લૂક આપવા બોડી નવી ફીટ કરવામાં આવે છે પરિણામ એ આવે છે કે આ એક્સે-સ બસ ૨૫ની સ્પીડે દોડે છે અથવા તો રસ્તામાં બ્રેકડાઉન થાય છે...

ઇન્ફર્મેશનનું કામ બમણું થઇ ગયું છે ...

ગુજરાતના ઈન્ફર્મેશન ડિપાર્ટમેન્ટનું કામ બમણું થઈ ગયું છે. કારણ એવું છે કે ઈન્ફર્મેશનમાં કામ કરતા કર્મચારીઓને હવે ગુજરાત અને ભારત સરકાર એમ બે સરકારો સંભાળવી પડે છે. જેટલું મહત્વ આનંદીબેન પટેલને મળે છે તેટલું જ મહત્વ નરેન્દ્ર મોદીને આપવું પડે છે. ફેસબુક સહિતના સોશ્યલ માધ્યમોમાં માહિતીના કર્મચારીઓએ ફોટા અપલોડ કરવા પડે છે. પ્રેસનોધ લખવી પડે છે. એવું લાગી રહ્યું છે કે માહિતી વિભાગ આજે પણ મોદીના પ્રભાવ હેઠળ છે. ખરૂં પૂછીએ તો માહિતી વિભાગ દિલ્હી બેઠેલા ગુજરાતી નેતાઓનું ધ્યાન રાખે છે. મોદીના શાસનમાં એક કામ સારૂ એ થયું કે કોંગ્રેસના શાસનમાં હાથ જોડીને બેસી રહેતું ગુજરાત સ્થિત પ્રસ ઈન્ફર્મેશન બ્યુરો- પીઆઈબી એક્ટિવ થઈ ગયું છે. પીઆઈબી જેટલું સતર્ક દૂરદર્શન છે અને ઓલ ઈન્ડિયા રેડિયો પણ છે...

મેઇક ઇન ગુજરાત પણ કહેવાય ને ...

મેઈક ઈન ગુજરાત નો સંદેશો વિશ્વભરમાં ફેલાયો છે. ગુજરાતના ટોચના ઉદ્યોગ જૂથોએ મોદીના આ મિશનને આવકાર આપ્યો છે. ભારતમાં બનાવો અને વિશ્વના બજારમાં વેચો... એ મિશનમાં મેઈક ઈન ગુજરાતનો ઉમેરો થઈ શકે તેમ છે કારણ કે ગુજરાતમાં વર્ષોથી બનતી અનેક ચીજવસ્તુઓ આજે વિશ્વના બજારમાં ધૂમ મચાવે છે. આપણી અમૂલ બ્રાન્ડ વિશ્વભરમાં મશહૂર છે. રાજકોટના જય સિયારામ જેવા પેંડા અને ભૂજની દાબેલી જેવી ખાધ્ય ચીજો બીજું કોઈ બનાવી શકતું નથી. રાયપુરના ભજીયા બીજે ક્યાંય મળતા નથી. ખાણીપીણી ક્ષેત્રમાં તો આપણે મેદાન માર્યું છે. જમીન, પાણી અને આકાશ એમ ત્રણેય લોક માટેની ચીજો ગુજરાતમાં પણ બને છે. આપણી બાંધણીને કોઈ બાંધી શકતું નથી. ઈસરોના મંગલયાનમાં ઘણાં પાર્ટસ આપણે ત્યાં બનેલા છે. થીક અબાઉટ મેઈક ઈન ગુજરાત....

મા ની ભક્તિ અવશ્ય ફાયદો કરાવે છે ...

કહેવાય છે કે બિઝનેસપ્રિય ગુજરાતી લોકો નાસ્તિક હોતા નથી. વ્યવસાય હોય કે બિઝનેસ, સામાજીક સેવા હોય કે સરકારી નોકરી. આજે પ્રત્યેક ગુજરાતીએ અંબાજી માતાના દર્શન કર્યા હશે. ઘણાં એવા બિઝનેસમેન જોયા છે કે જેમણે એક કિલો થી લઈને ૧૫ કિલો ગોલ્ડનું અંબાજી મંદિરમાં દાન કર્યું છે. આપણા પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદી પણ માતા અંબાના ભક્ત છે. પ્રત્યેક ચૂંટણીમાં તેઓ અંબા ના દરવાજે ગયા છે. ધીરૂભાઈ અંબાણી પણ અંબાજીના દર્શને જતા હતા તેમ મુકેશ અને નિતા અંબાણી પણ અંબાજીના દર્શને ગયેલા છે. ફિલ્મસ્ટાર અમિતાભ બચ્ચને તો અંબાજીના સાનિધ્યમાં જઈને ધન્ય બની ગયા હતા. તેમના શબ્દો હતા કે મને અહી શાંતિની અનુભૂતિ થઈ છે. વર્ષે ૫૦ લાખ લોકો અંબાજીના દર્શન કરે છે. મોદી ખુદ કબૂલ કરે છે કે આજે જે હું કંઈ છું તે મા અંબાના આશીર્વાદથી છું...

નવી પેઢીને નોકરીમાં ઓછો રસ છે ...

ગુજરાતમાં નવી પેઢી તૈયાર થઈ રહી છે તેમને સરકારી કે પ્રાઈવેટ નોકરીમાં ઓછો રસ છે. એક સર્વે પ્રમાણે ૬૫ ટકાથી વધુ યુવાનો એન્ટરપ્રિનિયોર બનવા માગે છે. ૨૫ ટકા વર્ગ એવો છે કે જેમને સરકારી નોકરી જોઈએ છે. ગુજરાતમાં આજે અભ્યાસ પૂર્ણ કર્યા પછી નોકરીએ લાગેલા કોઈ યુવાનને છ મહિને મળીએ તો કહેશે કે પેલી નોકરી છોડી દીધી, આજે હું અહીયા છું. આવતીકાલે બીજે હોઈ શકું છું. જેમને વધારે રૂપિયા કમાવા છે તેઓ ઉછળકૂદ કરે છે, જેમને વધારે રૂપિયા જોઈએ છીએ તેઓ નવા બિઝનેસનું વિચારે છે. શાયદ એટલા માટે ગુજરાત સરકાર વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ અને નવી ઉદ્યોગનિતીમાં માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ ઈન્ડસ્ટ્રીઝ માટેના ઈન્સેન્ટીવ વધારે આપવા માગે છે. મોદીના મેઈક ઈન ઈન્ડિયા કેમ્પેઈનને ગુજરાત પહેલું પચાવશે તેવું આ સર્વે જોતાં લાગી રહ્યું છે...

પુરૂષોત્તમ પડકાર બનીને ઉભર્યા છે

ગુજરાતના બોર્ડ-કોર્પોરેશનમાં પોલિટીકલ નિયુક્તિ કરવાનો ટ્રેક નક્કી કરી દેવામાં આવ્યો છે. રાજય સરકાર હાલની નિયુક્તિને દૂર કરી નવેસરથી ખાલી જગ્યાઓ ભરવા માગે છે. રાજય સરકાર પાસે ઓછામાં ઓછા ૪૫ જાહેર સાહસો છે જે પૈકી ૨૦માં પોલિટીકલ ચેરમેનની નિયુક્તિ થઈ શકે છે. ૨૫૦૦ કરતાં વધુ પોસ્ટ ડિરેક્ટરોની છે. પાર્ટીના દબાણને વશ થઈ સરકાર દિવાળી પછી નવી નિયુક્તિ કરે તેવી સંભાવના છે. કોળી સમાજના આગેવાનોએ બાંયો ચઢાવી હોવાથી ચીફ મિનિસ્ટર ચિંતીત બન્યા છે, કારણ કે તેમની સામે સૌથી મોટો પોલિટીકલ પડકાર પુરૂષોત્તમ સોલંકીનો ઉભો થયો છે. આ ભૂતપૂર્વ -ધાન આજે નવરા પડ્યા છે અને હવે તેમની તબિયત પણ સુધરી છે...

છે કોઇ PM કે CM નો દાવેદાર

ગુજરાત કોંગ્રેસમાં સાફસુફીનો દોર શરૂ થાય તો નવાઈ પામવા જેવું નથી, કારણ કે ગુજરાતમાંથી મોકલવામાં આવેલા પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદી અને ભાજપના નેશનલ પ્રેસિડેન્ટ અમિત શાહથી કોંગ્રેસ ડરી ચૂકી છે. સચિવાલયની મુલાકાતે આવેલા કોંગ્રેસના એક નેતાએ કહ્યું હતું કે, અમારી પાર્ટીમાં પ્રાઈમ મિનિસ્ટર તો શું ચીફ મિનિસ્ટર તરીકે લોકપ્રિય બની શકે તેવા યુવા નેતાનો સ્થાનિય લેવલે અભાવ છે. મોદી તો નેશનલ લિડર હતા અને આજે પ્રાઈમ મિનિસ્ટર છે. ગુજરાતમાં અમારી પાસે એવા નેતા નથી કે જેમને અમે ૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણીમાં ચીફ મિનિસ્ટર તરીકે પ્રોજેક્ટ કરી શકીએ. કોંગ્રેસની નબળાઈ એ છે કે પ્રદેશના નેતાઓ શંકરસિંહને વધારે સત્તા આપવા માગતા નથી...

હવે આમ આદમી છે પણ એએપી નથી ...

દિલ્હીની ગાદી સર કરીને લોકસભાની ચૂંટણીમાં બહુ ગાજેલી આમ આદમી પાર્ટીના નેતાઓ રફેદફે થઈ રહ્યાં છે. દિલ્હીમાં સંગઠનને માંડ માંડ ટકાવી રાખવામાં આંશિક સફળ બનેલા અરવિંદ કેજરીવાલ ગુજરાતના સંગઠનમાં કોઈ રસ ધરાવતા નથી, કારણ કે અહી તેમની પાર્ટીને ઉચ્ચકોટીના આમ આદમી મળી શક્યા નથી. આજે પરિસ્થિતિ એવી છે કે આમ આદમી પાર્ટીનું ગુજરાત લેવલે સંગઠન અત્યંત નબળું પડ્યું છે. ગોરધન ઝડફિયાની એમજેપી અને કેશુભાઈ પટેલની જીપીપીની જે હાલત હતી તેવી હાલત આમ આદમી પાર્ટીની છે. ગુજરાતમાં પ્રાદેશિક પક્ષો ચાલતા નથી તે કહેવત હવે એએપી એ સાબિત કરી દીધી છે...

રાજકારણમાં બોલીવુડની છાપ જોઇએ ...

પોલીસમાં ખાખી વર્દીનો રોફ જમાવવા ઘણાં પોલીસ અધિકારીઓ સિંઘમ જેવા બનવાનો પ્રયાસ કરે છે તેમ રાજકારણમાં સફળ બનવું હોય તો રાજકીય નેતાઓએ બોલીવુડનો અભ્યાસ કરવો પડશે. બોલીવુડના સ્ટાર જેવો મેઈકઅપ કરવો પડશે. ફિલ્મસ્ટાર જેવા ડાયલોગ્સ બોલવા પડશે. નવી ફિલ્મોના ટાઈટલનો ઉપયોગ તેમના પ્રવચનમાં કરવો પડશે. બોલીવુડની ફિલ્મોમાં ડાયરેક્ટર અને પ્રોડ્યુસરો ની જેમ રાજકારણમાં પણ એવી થીકટેન્ક લાવવી પડશે. મોદી કેમ પોપ્યુલર બન્યા તેનો ઈતિહાસ તપાસો તો માલૂમ પડશે કે સફળ થવા માટે શું કરવાનું હોય છે... ઘણી રાજકીય વાર્તાઓ ફિલ્મોમાં આવી છે તેમ આવી વાર્તાઓને હથિયાર બનાવવી પડશે. અને હા, હવે તો પબ્લિકને ગમે તેવું બિહેવિયર કરવું આવશ્યક છે...

પોલિસી મિનિસ્ટર અલગ હોવા જોઇએ

રાજયોના રાજકારણમાં પોલિસી મિનિસ્ટરની આવશ્યકતા ઉભી થઈ છે, કારણ કે સરકારે એટલી બધી પોલિસી બનાવેલી છે જેનું મોનિટરીગ કરવામાં તકલીફ ઉભી થાય છે. સચિવાલયના એક સિનિયર મોસ્ટ અધિકારીએ કહ્યું હતું કે ગુજરાત સરકારની એવી કેટલીય પોલિસી છે જેની અવધી ખતમ થયે પાંચ વર્ષ કરતાં વધુ સમય નિકળી ચૂક્યો છે. રાજયના ૨૨ વિભાગોમાં ઓછામાં ઓછી ૫૦ કરતાં વધુ પોલિસી અસ્તિત્વ ધરાવતી હશે. આટલો મોટો કારોબાર સંભાળવા માટે અલગ મિનિસ્ટર કે અલગ સેક્રેટરીની આવશ્યકતા છે. જો ગુજરાત સરકાર મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મિનિસ્ટર અલગ કરી શકતી હોય, ક્લાયમેટ ચેન્જ નો નવો વિભાગ ખોલી તેના મિનિસ્ટરની નિયુક્તિ કરે તો સરકારની પોલિસી વિષયક બાબતોના ઈમ્પિમેન્ટેશન માટે અલગ વિભાગ કેમ ખોલી ન શકે...

ટીએનમાં જયલલીથાનું માર્કેટીગ..

તામિલનાડુના ચીફ મિનિસ્ટર જયલલીથા, ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ ચીફ મિનિસ્ટર માયાવતી અને પશ્ચિમ બંગાળના ચીફ મિનિસ્ટર મમતા બેનરજી માટે એવું કહેવાય છે કે આ ત્રણેય મહિલાઓ તદ્દન અલગ પ્રકારની સત્તામાં રહ્યાં છે. સત્તા સાથે પોતાની શાખ વધારવામાં આ ત્રણેય પાવરફુલ લેડી ગણાય છે. જયલલીથા ના શાસનકાળમાં તો અમ્મા વોટર, અમ્મા મેડિસિન, અમ્મા ઈડલી, અમ્મા રાઈસ, અમ્મા શેલ્ટર્સ, અમ્મા સાડી, અમ્મા મીલ નું બ્રાન્ડિંગ થયું છે. હવે અમ્મા જેલ આવશે...

દોરા તૂટ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહિલા પોલીસ મથકે ફરીયાદ કરવા પહોંચી હતી ચેઈન સ્નેચીંગનો ત્રીજો બનાવ દહેગામથી વસ્ત્રાલ જતા મરાગ પર રાયપુર નર્મદા કેનાલ પુર પર બન્યો હતો. બાઈક પર જઈ રહેલી દહેગામની મહિલા સંગીતાબેન કનુભાઈ ત્રિવેદીના બાઈક પાસે પાછળથી યામાહા એફ.ઝેડ બાઈક પર આવેલા બે શખ્સોએ ચાલુ બાઈકે ચીલઝડપ કરીને દોઢ તોલાનો રૂ. ૨૫ હજારની કિંમતનો દોરો આંચકી લીધો હતો અને ફરાર થઈ ગયા હતા. ડભોડા પોલીસે આ બનાવ અંગે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

શબ્દાવલી - ૫૫૧૮

૧	૨	૩		■	૪	૫	
૬		■	૭				■
૮		૯		■		■	૧૦
	■		■	૧૧		૧૨	
૧૩	૧૪		■		■	૧૫	
■		■	૧૬		■		■
૧૭	■	■	૧૮		૧૯	■	૨૦
૨૧				■	૨૨		

આડી ચાવી

૧. પડપુછ, ચર્ચા, તપાસ (૪)
૪. રહેઠાણ, નિવાસ (૩)
૬. ચઢે તો ચાખે વૈકુંઠ... ગીરે તો ચકનાચુર (૨)
૭. ... થઇ જવું, ગભરાઇ જવું (૪)
૮. મૃત્ય વખતે ગવાતા ગીત (૪)
૧૧. સાવકુ (૪)
૧૩. મૃત્યુનો શોક, ... મનાવવો (૩)
૧૫. ભીની નહીં તેવી (૨)
૧૬. કાપડના ગોળ વીંટા (૨)
૧૮. શુરવીરતા, બહાદુરી (૩)
૨૧. ગોઠવણ (૪)
૨૨. પારકુ (૩)

ઊભી ચાવી

૧. પરાકાષ્ઠા (૫)
૨. ભૂલ (૩)
૩. યુરોપની પૂર્વે એશિયાનો ઉત્તરનો વિશાળ પ્રદેશ (૩)
૪. નવી શોધ કરવી, ... કરવો (૪)
૫. સંવાદથી... ચ-૩ થઇ સચિવાલય જવાય (૨)
૯. જુલમ (૩)
૧૦. નાની રોટલી (૩)
૧૧. જમ્યા પછી તૃપ્ત થયાનો અવાજ (૪)
૧૨. નિર્દોષ, નિરપરાધ (૩)
૧૪. મોકો (૨)
૧૬. ... બનાકર પહનું ઉસે... છૈયાછૈયા (૩)
૧૭. હરાવવું, ... કરવું (૨)
૧૯. ગરમી, ઉકળાટ (૨)
૨૦. પવન, પંચતત્ત્વમાંનું એક (૨)

શબ્દાવલી ૫૫૧૭ના જવાબ

આડી ચાવી :- (૧) સ્વરૂપવાન (૫) સાપ (૭) માખણ (૮) ખડ (૯) નસ (૧૦) વારણા (૧૧) દ્વેશત (૧૫) ફરજ (૧૭) તપકીર (૨૦) રંક (૨૧) બરકત (૨૪) જડભરત (૨૫) કઢી

ઊભી ચાવી :- (૧) સ્વમાન (૨) (૨) રૂખસદ (૩) પણ (૪) નફરત (૫) સાખ (૬) પડતી (૧૦) વાશ (૧૨) હેડકી (૧૩) હાર (૧૪) શતરંજ (૧૫) ફરક (૧૬) જડ (૧૮) પકડ (૧૯) રબર (૨૨) રત (૨૩) તક

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
મમી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઘ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯